## બાયડ તાલુકાના ચોઈલામાં ઘર નજીક ઉકરડાનો આતંક, ડી.ડી.ઓ. સુધી ફરિયાદ છતાં પરિણામ શૂન્ય

### ઉકરડા ન હટાવી શક્તું તંત્ર પ્રજાના અગત્યના કામોમાં કેટલું પાવરઘું હશે..??

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૩ બાયડ તાલુકાના ચોઈલાની પંચરત્ન સોસાયટી નજીક ઉકરડાનો આતંક છે. આ અંગે પ્રાપ્ત જાણકારી અનુસાર ચોઈલા ગ્રામ પંચાયતના કેટલાક વિસ્તારોમાં બારેમાસ ગંદકી જોવા મળે છે. જેના કારણે ચોમાસા દરમ્યાન મચ્છરજન્ય રોગચાળો પણ વકરતો હોય છે. પરંતુ હવે ગામમાં ગંદકી ફેલાવતા ઉકરડાની સમસ્યા સામે આવી છે. સોસાયટી નજીક કોમન પ્લોટમાં કેટલાક લોકોએ ઉકરડો બનાવ્યો છે અને તેમાં તે દિવસ-રાત મારતી દુર્ગંધના કારણે સોસાયટીના રહીશો માટે રહેવું મુશ્કેલ બની ગયું છે. ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને અરવલ્લી ડી.ડી.ઓ. સુધી ફરિયાદ કર્યા પછી પણ ઉકરડો હટાવવામાં તંત્ર નિષ્ફળ રહ્યું છે જેથી અરજદારોએ મુખ્ય મંત્રી કાર્યાલય સુધી ફરિયાદ પહોંચતી કરી છે. સવાલ એ થાય છે કે ઉકરડો જો કોઈને નડતર રૂપ હોય તો તે હટાવવા માટે પંચાયત પાસે સંપૂર્ણ અધિકાર છે પરંતુ ચોઈલા ગ્રામ પંચાયત ઉકરડો હટાવવામાં કેમ પાછી પાની કરે છે..?? તે સોસાયટીના કેટલાક રહીશોને સમજાતું નથી. જ્યારે આરોગ્ય વિભાગે તો ઉકરડા અને ગંદકી સાથે પોતાને લેવાદેવા ન હોય તેમ આ મામલે અમે કશું ન કરી શકીએ માત્ર પંચાયતને નોટિસ આપીએ તેવો જવાબ આપ્યો છે. લાગે છે કે ચોઈલા ગામમાં સોસાયટી નજીકના ઉકરડાના કારણે આવનારા દિવસોમાં મોટું ધમસાણ મચી શકે છે.



સ્થાનિક રહીશ સચિન પંડ્યાએ ડી.ડી.ઓ. થી માંડી મુખ્ય મંત્રી કાર્યાલય સુધી ફરિયાદ કર્યા પછી પણ પરિણામ મળતું નથી. ત્યારે સવાલ એ થાય છે કે તંત્ર ગંદકી અને રોગચાળો ફેલાવતા ઉકરડાને હટાવી શકતું ન હોય તો પ્રજાના અગત્યના કામોમાં કેટલું પાવરઘું હશે..?? બાયડ તાલુકા વિકાસ અધિકારી પણ ઉકરડા મામલે પાણીમાં બેઠા જેવી સ્થિતિ છે. ઉકરડો નહીં હટાવાય તો અરજદારે વડાપ્રધાન કાર્યાલય સુધી ફરિયાદ કરવાની ચીમકી આપી છે.

## સાબરકાંઠા જિલ્લો કોરોના બાદ મ્યુકરમાઈકોસિસના ભરડામાં, ૪૦ કેસ

### ઈડર, હિંમતનગર વિસ્તારમાં વધતા કેસની ચિંતા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૩ ઉત્તર ગુજરાતમાં સાબરકાંઠા જિલ્લામાં રોગનું સંક્રમણ બેકાબુ બન્યું છે. કોરોના પછી સમગ્ર જિલ્લો મ્યુકરમાઈકોસિસના ભરડામાં આવતાં અત્યાર સુધીમાં ૪૦ કેસ નોંધાયા છે. જ્યારે ૨ દર્દીના મોત નિપજ્યા છે. ઈડર, હિંમતનગર વિસ્તારમાં વધી રહેલા કેસથી ચિંતા વધી છે. સરકાર અને આરોગ્ય વિભાગ દ્વારા હિંમતનગર સિવિલમાં માત્ર દર્દીઓ માટે એક વોર્ડ ઉભો કરવામાં આવ્યો છે પરંતુ હોસ્પિટલ ઉભી નહીં થાય તો સ્થિતિ વધુ બેકાબુ બની શકે છે.

સાબરકાંઠા જિલ્લા વહીવટી તંત્રની અગાઉની લાપરવાહી ભારે પડી છે. કોરોનાના કેસમાં ઉછાળો આવવાની સાથે સતત પોઝિટિવ કેસ વધી રહ્યા છે. જિલ્લાના ૮ તાલુકામાં અત્યાર સુધીમાં ૬૫૮૫ પોઝિટિવ કેસ નોંધાયા છે. જેમાંથી ૧૩૮ લોકોના કોરોનાના કારણે મોત નિપજ્યા છે. જો કે મૃત્યુનો સાચો આંકડો સ્મશાન ગૃહો પાસે ગવાહ છે. કોરોના વકરતો હોવા છતાં જિલ્લામાં હોંશિયામાં ધકેલાઈ રહ્યો છે કારણ કે કોરોનાના કહેર વચ્ચે હવે મ્યુકરમાઈકોસિસની મહામારીએ આરોગ્ય વિભાગના અધિકારીઓની ઉંઘ હરામ કરી દીધી છે. કોરોનાની સારવાર માટે યોગ્ય ગાઈડલાઈનનો ખરા સમયે અભાવ જોવા મળ્યો. ગાડરીયા પ્રવાહને અનુસરીને ડાક્ટરોએ પણ દર્દીને જરૂર હોય કે ન હોય રેમડેસિવિર ઈન્જેક્શનના ડોઝ આપે રાખ્યા અને તેમાં દર્દીને ઝડપથી સાજો કરવાની લ્હાયમાં હાયર એન્ટીબાયોટીકનો ઉપયોગ થયો જેમાંથી અનેક દર્દીઓ ડાયાબીટીશથી પીડાતા હતા અને ત્યારબાદ રેમડેસિવિરના વધુ પડતા ડોઝથી અનેક દર્દીઓને ડાયાબીટીશનું પ્રમાણ વધ્યું અને મ્યુકરમાઈકોસિસનું સંક્રમણ દેખાયું છે. આવનારા દિવસોમાં આવી ગયું છે. આરોગ્ય વિભાગના સૂત્રોનું માનીએ તો જિલ્લામાં દફતરે ત્યાર પછી આવાજ દર્દીઓ મ્યુકરમાઈકોસિસના રોગના ખપ્પરમાં આવી ગયા છે. ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં વધુ ચિંતાજનક સમાચાર બહાર આવી શકે પરંતુ હાલ તો સાબરકાંઠા જિલ્લામાં કોરોના પછી મ્યુકરમાઈકોસિસના ભરડામાં નોંધાયેલા મ્યુકરમાઈકોસિસના ૪૦ કેસ છે. જ્યારે અન્ય જિલ્લામાં સારવાર લેતા દર્દીઓની વિગતો તંત્ર પાસે હજુ પહોંચી નથી.

### અરવલ્લીમાં પણ ચિંતાનાં વાદળ ઘેરાયું..

સાબરકાંઠાના પડોશી અરવલ્લી જિલ્લામાં પણ મ્યુકરમાઈકોસિસના વધતા કહેરથી ચિંતાનાં વાદળ ઘેરાયાં છે. અરવલ્લી જિલ્લામાં રાજસ્થાન, મહિસાગર અને પંચમહાલના કોરોનાગ્રસ્ત અનેક દર્દીઓ સારવાર માટે આવતા હોય છે જેમાં બે દિવસ અગાઉ લુણાવાડાના મ્યુકરમાઈકોસિસ રોગથી પીડીત દર્દીને મોડાસામાં સારવાર માટે લાવવામાં આવ્યો હતો તે જોતાં ડાક્ટરો કમાઈ લેવાની લ્હાયમાં કોઈ એવું પગલું ન ભરે જેથી સમગ્ર અરવલ્લી જિલ્લાની પ્રજાનું આરોગ્ય જોખમાય.

### ઉદ્યોગના ઓક્સિજને મહામારીને જન્મ આપ્યો, આશંકા

કોરોનાનું સંક્રમણ બેકાબુ બન્યું અનેક દર્દીઓ ઓક્સિજનની અછતના કારણે ટપોટપ મૃત્યુ પામ્યા ત્યારે કહેવાય છે કે મેડીકલ ઓક્સિજનના બદલે ઔદ્યોગિક ઓક્સિજનનો ઉપયોગ કોરોના દર્દીઓને બચાવવા માટે કરવામાં આવ્યો તે સમયે તો દર્દીઓ બચી ગયા પરંતુ હવે તેની ખરાબ અસરો સામે આવી છે અને જાણીતા ડાક્ટરો અને વૈજ્ઞાનિકો પણ કહી રહ્યા છે કે ઔદ્યોગિક ઓક્સિજનના કારણે મ્યુકરમાઈકોસિસ મહામારીનું પ્રમાણ વધ્યું છે. ઓક્સિજનના બાટલા સાથે લગાવાતા હ્યુમીડીટી ફાયરમાં ડીસ્ટીલ વોટરના બદલે સાદુ પાણી ભરી દેવાથી બ્લેક ફંગસનું એટલે કે મ્યુકરમાઈકોસિસનું સંક્રમણ વધ્યાની આશંકા વ્યક્ત કરી છે.

## અરવલ્લી જિલ્લાના અધિકારીનો વચેટીયો "ભૂદરીયો" ચર્ચામાં, મામલતદાર કચેરીમાં એ.સી. લગાવ્યું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૩ અરવલ્લી જિલ્લામાં અધિકારીઓના એક પછી એક ભ્રષ્ટાચાર ઉજાગર થઈ રહ્યા છે. તેમાંય છેલ્લા ૮ મહિનાથી જિલ્લાના વડામથકમાં બેઠેલા ઉચ્ચ અધિકારીનો વચેટીયો ભૂદરીયો જોર ચર્ચામાં છે. આમ તો કાળા પથ્થરો સાથે રમતા ભૂદરીયાને હવે એવો ચસ્કો લાગ્યો છે કે ખોટું કામ કરાવીને સાહેબને ખુશ કરી દેવા તેમાં એક મામલતદારે ખોટું કામ કરી આપ્યા પછી એ.સી. લગાવી દીધું અને ત્યારબાદ એ.સી. કાઢી લેતાં આ મામલો સમગ્ર જિલ્લાના કર્મચારી આલમમાં ટોક ઓફ ધ ટાઉન બન્યો છે. કરાર આધારીત નોકરી કરતા કેટલાક કર્મચારીઓને ભઈ સાહેબોને ઉઘરાણા માટે દલાલ બનાવ્યાની ચર્ચા છે. રાજ્યના એ.સી.બી. દ્વારા જિલ્લાના અધિકારી અને કરાર આધારીત નોકરી કરતા કર્મચારીઓ વચ્ચે કેવી લીંક ઉભી કરી ભ્રષ્ટાચાર આદરાય છે તેની તપાસ કરવી હોય તો મોબાઈલ ટ્રેસ કરવામાં આવે તો વધુ વિગતો પ્રકાશમાં આવે તેમ છે.

ગોપાલ મારો પારણિયે ઝૂલે..ભજન ગાવાની સાથે કહેવાય છે કે અધિકારીઓના દલાલ બની ગયેલા ભૂદરીયાના કહેવાથી કોઈ અધિકારીને આધુનિક ઘોડીયું આપવામાં આવ્યું હતું જો કે સ્વચ્છ અને પ્રમાણિક છબી ધરાવતા અધિકારીને ખબર પણ નહીં હોય કે અન્ય અધિકારીનો તેની પાછળ મલીન ઈરાદો શું હશે..?? પરંતુ આ તમામ ખેલ ભૂદરીયાના ઈશારે પાર પાડવામાં આવ્યો. ભૂદરીયો બે તાલુકામાં મોટા સાહેબની ખાસ દલાલી કરે છે અને અઘરા કેસનો ઉકેલ લાવી ભાગબટાઈનો ખેલ શરૂ કર્યો છે. કહેવાય છે કે ભૂદરીયાએ અકલ્પનિય કામ કરી દેખાડતાં કોરોના કાળમાં સૂકાયેલું વૃક્ષ લીલું થયું તેમ હરખાયો અને મામલતદાર કચેરીમાં એ.સી. લગાવ્યું પરંતુ ત્યાર પછી કોઈ કામ મુદ્દે ડખો પડ્યો અને એ.સી. કાઢીને ૧૭ કી.મી. દૂરના તાલુકા મથકે લઈ જવામાં આવ્યું. નવરચિત અરવલ્લી જિલ્લામાં અત્યારે વિકાસની વાતો ઓછી અને ભ્રષ્ટાચારની વાતો વધુ થઈ રહી છે. આવનારા દિવસોમાં ભૂદરીયાના ભ્રષ્ટાચારનો રેલો બહુમાળી ભવન અને જિલ્લા પંચાયત કચેરી સુધી પહોંચવાની ગરમા ગરમ લોકચર્ચા ચાલી રહી છે.

## તલોદના અહમદપુરા વિસ્તારમાં છેલ્લા ચાર દિવસથી વીજળી ડૂલ





### તરસે મરતાં મૂંગા પશુઓ, યુદ્ધના ધોરણે કામગીરી ચાલુ હોવાનો વિજ તંત્રનો દાવો

બાયડ / તલોદ, તા.૨૩ વાવાઝોડું પસાર થયા પછી તંત્ર નુક્સાનીના સર્વેમાં ગુંથાયું છે ત્યારે તલોદના અહમદપુરા વિસ્તારમાં છેલ્લા ૪ દિવસથી વીજળી ડૂલ થતાં મૂંગા પશુઓ તરસે મરી રહ્યા છે. માલધારીઓ અને પશુપાલકો દ્વારા આ અંગે વિજ વિભાગમાં રજૂઆત છતાં પણ કોઈ પરિણામ મળ્યું નથી. વાવાઝોડાની વિદાય પછી તલોદ તાલુકાના અનેક ગામડાઓમાં જ્યોતિગ્રામ યોજના ખોરંભે પડી છે. જ્યારે વિજ તંત્રના જવાબદારોએ કૃષિ વિષયક વિજ જોડાણોમાં વીજળી ડૂલ થઈ છે અને યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરવામાં આવી છે જેથી રાબેતા મુજબ ટૂંકમાં જ વિજ પ્રવાહ શરૂ થઈ જશે.

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાને વાવાઝોડાએ ઘમરોળી નાખ્યા પછી અસંખ્ય વિજપોલ અને વૃક્ષ ધરાશાયી થયા છે. ૨૫૦ થી વધુ મકાનોને અંશતઃ નુક્સાન થયું છે. ૩૮ જેટલા મૂંગા પશુઓના મોત નિપજ્યા છે. જિલ્લામાં વાવાઝોડાની વિનાશક અસર પછી ખાસ કરીને વિજ તંત્રને મોટું નુક્સાન સહન કરવાનો વારો આવ્યો છે. તંત્રની યુદ્ધના ધોરણે કામગીરી છતાં આજે પણ અનેક ગામડાઓમાં વિજ પુરવઠો શરૂ થયો નથી જેના કારણે પ્રજાને પીવાના પાણીનો વિકટ પ્રશ્ન ઉભો થયો છે ત્યારે તલોદના અહમદપુરા વિસ્તારમાં ત્રાટકેલા તાઉ-તે વાવાઝોડાની ભયાનક અસર પછી વિજ પુરવઠો સંપૂર્ણ ખોરવાઈ ગયો છે. છેલ્લા ૪ દિવસથી વીજળી ડૂલ થતાં ખાસ કરીને ખેતરમાં રહેતા ખેડૂત અને માલધારી પરિવારોને પીવાના પાણીની વિકટ સમસ્યાનો સામનો કરવો પડ્યો છે. આ વિસ્તારના માલધારીના જણાવ્યા અનુસાર છેલ્લા ૪ દિવસથી વીજળી ન હોવાથી મૂંગા પશુઓને તરસ્યા રહેવાની નોબત આવી છે.

## ધનસુરા તાલુકામાં વધુ બે વિસ્તારોને કન્ટેન્મેન્ટ ઝોન જાહેર કરાયા

ધનસુરા, તા. ૨૩ કલેકટરએ આ વિસ્તારોમાં ૨૨-૫-૨૦૨૧ થી ૫-૬-૨૦૨૧ સુધી અવર જવર પર પ્રતિબંધ મૂક્યો છે. ધનસુરા તાલુકામાં વધુ ૨ વિસ્તારોને કન્ટેન્મેન્ટ ઝોન જાહેર કરાયા છે. કલેકટરએ આ વિસ્તારોમાં ૨૨-૫-૨૦૨૧ થી ૫-૬-૨૦૨૧ સુધી અવર જવર પર પ્રતિબંધ મૂક્યો છે. તાલુકામાં કોરોનાનું સંક્રમણ વધે નહી તે માટે વધુ ૨ વિસ્તારોને કન્ટેન્મેન્ટ ઝોન જાહેર કરવામાં આવ્યા છે.

કન્ટેન્મેન્ટ ઝોન જાહેર કરાયેલ વિસ્તાર (૧) પરમાર ફળી પાંચકુહાડા (૨) મકવાણા ફળી

### દુઃખદ અવસાન



બાયડ : મોડાસા એ.પી.એમ.સી.ના પૂર્વ વાઈસ ચેરમેન, પત્રકાર રાકેશભાઈ પટેલના પિતા મગનભાઈ દેવચંદભાઈ પટેલ (લૂસડીયા) નું નિધન થયેલ છે.

## બાયડના કસૈયાના કૂવામાં નિલગાય ખાબકી, રેસ્ક્યુ કરી બચાવી લીધી

### નિલગાયોના વધતા પ્રકોપથી હાદસા વધ્યા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૩ બાયડ તાલુકાના કસૈયાના ખેડૂત મોહનસિંહ ભાથીસિંહ પરમારના કૂવામાં ખાબકેલી નિલગાયને ૩ કલાકના રેસ્ક્યુ ઓપરેશન પછી બચાવી લેવામાં આવી હતી. વગડો ચેરીટેબલ ટ્રસ્ટના સભ્યો અને વન વિભાગની ટીમે રેસ્ક્યુ હાથ ધર્યુ હતું જેમાં કૂવામાંથી સુરક્ષિત રીતે બહાર કાઢ્યા પછી ઈજાગ્રસ્ત નિલગાયને પશુ ચિકિત્સકો દ્વારા સારવાર આપી ખુલ્લા ખેતરમાં છોડી મૂકવામાં આવી હતી.





અરવલ્લી જિલ્લો અને ખાસ કરીને બાયડ તાલુકામાં ૧૫૦૦ થી વધુ નિલગાયનો વસવાટ છે. નિલગાયોના આતંકથી ખેડૂતો પાયમાલ બની રહ્યા છે તેમ છતાં વન્ય પ્રાણીઓ પ્રત્યેના લગાવના કારણે ખેડૂતો આવી નુકસાનીને હસતા મોંઢે સહન કરી રહ્યા છે. તાલુકામાં આવેલા ખુલ્લા કૂવામાં રાત્રિ દરમ્યાન વન્ય પ્રાણીઓ ખાબકવાના કિસ્સામાં વધારો થયો છે.

ગત રોજ કસૈયા ગામના ખેડૂતના ખુલ્લા કૂવામાં નિલગાય ખાબકતાં ખેડૂત પરિવાર દ્વારા તેને બચાવવાના પ્રયત્નો શરૂ કર્યા જેમાં વગડો ચેરીટેબલ ટ્રસ્ટ અને સ્થાનિક વન વિભાગને જાણ કર્યા પછી રેસ્ક્યુ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું. ધોમધખતો તાપ હોવા છતાં કલાકોની જહેમત પછી કૂવામાંથી નિલગાયને બહાર કાઢી પશુ ચિકિત્સકો દ્વારા પ્રાથમિક સારવાર આપવામાં આવી જેથી નિલગાય સંપૂર્ણ સાજી થઈ જતાં તેના કુદરતી નિવાસસ્થાને છોડી દેવામાં આવી હતી. તાલુકામાં દર વર્ષે ખુલ્લા કૂવામાં નિલગાય ખાબકવાની ૧ ડઝનથી વધુ દુર્ઘટનાઓ નોંધાતી હોય છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

## ભિલોડાના ધારાસભ્યને મતદારનો પત્ર : કોરોના મહામારીથી લાશોના ઢગલા છતાં પેટનું પાણી હલતું નથી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૩ ભિલોડા વિધાનસભા મતક્ષેત્રમાં સતત ચૂંટાતા ધારાસભ્ય ડાં.અનિલભાઈ જોષીયારાને ખલવાડના મતદાર દિલીપ રૂપજીભાઈ અસારીએ ખુલ્લો પત્ર લખી આડે હાથ લીધા છે. કોરોના મહામારીથી લાશોના ઢગલા છતાં કેમ તમારા પેટનું પાણી હલતું નથી. આપ અગાઉ સરકારમાં આરોગ્ય મંત્રી હતી ત્યારે ભિલોડાને મેડીકલ કોલેજ કે સિવિલ હોસ્પિટલનો કેમ લાભ અપાવી શક્યા નથી? ભિલોડાના યુવા મતદારોમાં જાગૃતતા આવતાં પ્રતિનિધિઓની ઉંઘ હરામ થઈ છે.

ભિલોડાના જાગ્રત મતદારે ધારાસભ્ય અનિલભાઈ જોષીયારાને પત્ર લખ્યો છે એમાં જણાવ્યું છે કે તમે ૧૯૯૨ થી ધારાસભ્ય છો. એક વખત ચૂંટાયા નથી ત્યાર પછી આપણા મત વિસ્તારમાં સતત ચૂંટાયા છો. રાજપા સરકાર વખતે આરોગ્ય મંત્રી હતા તે વખતે તમે ભિલોડાને મેડીકલ કોલેજ આપી હોત પણ આપે ના કર્યું. આરોગ્ય મંત્રી હતા તો ભિલોડા કોટેજ હોસ્પિટલને અપગ્રેડ કરી સિવિલ હોસ્પિટલ બનાવી હોત તો પણ આપે એ કામ ન કર્યું, હું એક દાખલો આપું ખોટું ના લગાડતા ઈડર મત વિસ્તાર સ્વ.ડાં.કરસનદાસ સોનેરી શિક્ષણ મંત્રી હતા તે સમયે ગુજરાત રાજ્યમાં ધો.૧૦ અને ૧૨ ના સૌથી વધુ પરીક્ષા કેન્દ્ર સાબરકાંઠા જિલ્લામાં હતા. આનંદીબેન પટેલ શિક્ષણ મંત્રી હતા તો ગુજરાતમાં ખેતરે ખેતરે પી.ટી.સી. કોલેજ, બી.એડ્. કોલેજ બનાવી, આપ આરોગ્ય મંત્રી હતા તો આપણો મત વિસ્તાર ગરીબ હોવા છતાં શિક્ષણ ક્ષેત્રે કે આરોગ્ય ક્ષેત્રે કોઈ કામગીરી કરી નથી. ભિલોડા અરવલ્લી જિલ્લામાં લઈ ગયા તો પણ આપે વિરોધ ન કર્યો, આપને મોડાસામાં સિવિલ હોસ્પિટલ માટે માગણી કરી, ભિલોડાના છોકરાઓ ઘંટી ચાટે અને ઉપાધ્યાયને આટો..આ કેવો રીવાજ. આજે તમારા મત વિસ્તારના લોકો કોરોનાની મહામારીમાં સરેરાશ ગામ દીઠ ઓછામાં ઓછા ૧૦ લોકોના મૃત્યુ થયા હશે તેમ છતાં આપના પેટનું પાણી હલતું નથી. આપે ધાર્યું હોત તો ભિલોડા કોટેજ હોસ્પિટલમાં ૧૦૦ બેડ કોવિડ-૧૯ કેર સેન્ટર બનાવ્યા હોત તેમજ આપના મત વિસ્તારના મોટા ગામડામાં સરકારી શાળામાં કોવિડ-૧૯ની વ્યવસ્થા કરી હોત. આપને દર વર્ષે દોઢ કરોડ રૂપિયા અનેક પ્રકારની કામગીરી માટે નાણાં ફળવાય છે અને વિસ્તારમાં વધુ કામગીરી હોય તો દર વર્ષે ૧૦ કરોડ રૂપિયા જિલ્લા આયોજન અધિકારીને રજૂઆત કરી ધારાસભ્ય રકમ ફાળવી શકાવે છે જેમાં રસ્તાઓ, શિક્ષણ, આરોગ્ય, વીજળી, જાહેર સુખાકારી જેવી અનેક કામગીરી કરવાની હોય છે. તમે પૂર્વ આરોગ્ય મંત્રી છો, કોંગ્રેસના વરીષ્ઠ નેતા છો, ભાજપ સરકારમાં નાયબ સ્પીકર છો અને હાલમાં ભિલોડા-મેઘરજના ચાલુ ધારાસભ્ય છો અને ૧૯૯૨ થી રાજકારણમાં સક્રીય છો. મત વિસ્તારના અનેક પ્રાણ પ્રશ્નો છે આ કામ તમે ધારો તો તૂરંત થાય તેમ છે જેથી મારી નમ્ર અરજ છે કે આપની આવનારી પેઢી માટે તમામ બાળકોને તમામ પ્રકારની સુવિધાઓ આપણા વિસ્તારમાં મળી રહે તેવું આયોજન કરો. આપણા મત વિસ્તારમાં સ્વ.ગણપત કાકાએ ધારાસભ્ય સમય દરમ્યાન ભિલોડા ડેપો અને અનેક લોકોને એસ.ટી. ખાતામાં નોકરી અપાવી હતી તો તેમને લોકો આજે પણ યાદ કરે છે.



### વડાગામ મહાકાળી માતાજી મંદીરનો પાટોત્સવ યોજાયો

ધનસુરા તાલુકાના વડાગામમાં મહાકાળી માતાજીના મંદિરે ૧૨ મો પાટોત્સવ યોજાયો કોરોના મહામારી કારણે સાદગીપૂર્વક પાટોત્સવ યોજાયો પાટોત્સવ ના મુખ્ય યજમાન પદે વિક્રમ ભાઈ પરમાર હતા કલ્પેશભાઈ શાસ્ત્રી દ્વારા મંત્રોચ્ચાર થઈ વાતાવરણ ભક્તિમય બન્યું હતુંઅને મંદિરના પૂજારી કનુભાઈ જોષી, સમીરભાઈ જોશી દ્વારા માતાજીને અલૌકિક શણગાર કરાયા હતા.આ પ્રસંગે મંદિર ના આગેવાન પંકજભાઈ પટેલ ,તેજાભાઈ વાળંદ, જીગ્નેશભાઈ શર્મા તેમજ માતાજીના ધજા ચડાવવા માટે જીગ્નેશભાઈ પટેલ, છોટુભાઈ પટેલ.વગેરે હાજર રહ્યા હતા અને મંદિરના ટ્રસ્ટી પંકજભાઈ પટેલ દાતાઓનો આભાર માન્યો હતો.